ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ તમારા જેવા માટે... અમારી કંપનીએ સ્માર્ટ એપ્લીકેશન બનાવી છે... તમે રીસોર્ટમાં હો પરંતુ તમારી વાઈફના મોબાઈલ પર ઓફીસનું જ લોકેશન બતાવશે....!!!

# ખોરજ પાસેથી યુવાનનું સફેદ ગાડીમાં અપહરણ

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદના નિકોલ વિસ્તારના યુવાનને ખોરજ પાસે બોલાવીને ગઈ કાલે સફેદ ગાડીમાં આવેલા બે શખ્સો અપહરણ કરી ગયા હતા. અપહ્યુતના પત્નિએ ડીસાના બે શખ્સો સામે અપહરણ અને પૂર્વ આયોજીત કાવતરા અંતર્ગત ફરિયાદ આપતા અડાલજ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી તેમને શોધી કાઢવા તથા અપહ્યુતને છોડાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા શોભાબેન સુરેશભાઈ શાહે અડાલજ પોલીસ મથકમાં તેમના પતિ સુરેશભાઈના અપહરણ થયા અંગેની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગઈ કાલે ડીસા વિસ્તારના ધર્મેન્દ્ર પ્રવિણ ફોફાણી અને ભાસ્કર અશોક મોદી નામના બે શખ્સો સફેદ ગાડી લઈને વૈષ્ણોદેવી સર્કલ નજીક આવ્યા હતા અને શોભાબેનના

## અપહ્યુત યુવાનના પત્નિએ ડીસાના બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી : અડાલજ પોલીસે તપાસ શરૂ કરી

પતિ સુરેશભાઈને ખોરજ સ્થિત મેવાડ આઈસ્ક્રીમ પાર્લર નજીક બોલાવ્યા હતા. પૂર્વ આયોજીત કાવતરૂ રચીને ધર્મેન્દ્ર અને ભાસ્કર બંને શખ્સોએ મળીને સુરેશભાઈને ખોરજ બોલાવી તેમનું અપહરણ કરી લીધું હતું. શોભાબેનને ઘટનાની જાણ થતા તેમણે તેમના ભાણેજ વિક્રમ શાહને જાણ કરી બોલાવી લીધો હતો અને અડાલજ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસે બંને શખ્સો સામે આઈપીસી ૩૬૬, ૧૧૨૦બી હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ માટે અને અપહ્યુત સુરેશભાઈને છોડાવા માટે દોડધામ શરુ કરી છે. જો કે અપહરણનું ચોકકસ કારણ જાણી શકાયું નથી.

## સે-૩ ન્યુ આધારકાર્ડ કેમ્પમાં ૩૦૦થી વધુ વસાહતીઓએ લાભ લીધો

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતેના આધારકાર્ડ કેમ્પમાં અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ વસાહતીઓએ લાભ લીધો છે. સેકટરના વસાહતી ઓ તેમજ અન્ય સેકટરના નાગરીકોએ પણ આ કેમ્પનો લાભ લીધો છે. વસાહતીઓની લોક લાગણીને માન આપીને સેકટરના બાકી રહી ગયેલા નાગરીકો માટે મંગળવારના રોજ વધુ મશીન સાથે આધારકાર્ડની કામગીરી શરુ રાખવામાં આવશે.

આધારકાર્ડ એ નાગરીકની આગવી ઓળખ બની જવા પામી છે. સરકારી કામગીરીમાં દરેક જગ્યાએ આધારકાર્ડ પૂરાવા તરીકે રજુ કરી શકાય છે. ભારતભરમાં આધારકાર્ડ આધારકાર્ડ ચાલતુ હોવાથી તે અત્યંત જરુરી છે. જયારે તંત્ર દ્વારા વિવિધ સ્થળો પર શહેરના નાગરીકો માટે કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેથી શહેરનો કોઈપણ નાગરીક આધારકાર્ડ વિનાનો ના રહી જાય તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખાવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે છેલ્લા બે દિવસથી આધારકાર્ડની કામગીરીમાં ૩૦૦ થી વધુ નાગરીકોએ લાભ લીધો છે. જયારે સેકટર-૩ ન્યું સહિત અન્ય સેકટરના નાગરીકો પણ આ કેમ્પનો લીધો છે. જયારે બાકી રહી ગયેલા સેકટરના નાગરીકો માટે તંત્ર દ્વારા મંગળવારના રોજ પણ બે મશીન સાથે કર્મચારીઓ દ્વારા કેમ્પ કાર્યરત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કેમ્પમાં વૉર્ડ-૮ના કોર્પોરેટર નરેશભાઈ પરમાર અને પ્રવિણબેન વોરા સહિત વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, મહામંત્રી દુષ્યંત શ્રીમાળી, ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલ, બી.બી. પરમાર, બિપીન પરમાર, કમલેશ બારોટ, સંજય પટેલ, રાજુભાઈ સોલંકી, મેહુલપટેલ, અલ્પેશ ઠક્કર, પી. જે. ત્રિવેદી તથા અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી સહકાર પુરો પાડી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં આજે પણ ૧૫૦થી વધુ પ્રશ્નો રજુ થતાં હવે તંત્ર માટે પ્રશ્નોનું નિરાકરણ પડકાર બની ઉભા થયા છે.

● સ્માર્ટ વિલેજ યોજનાના અમલીકરણ, મૂલ્યાંકન સહિતની કામગીરી માટે હવે સોસાયટીની રચના કરવામાં આવશે. સોસાયટીના રજીસ્ટ્રેશન માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે.

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નિવાસસ્થાને આજે આર.એસ.એસ.ના રાજ્ય બેઠકના અગ્રાણીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન દિનેશજી ઠાકોરે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રની કથળતી જતી સેવાઓ સામે રોષ વ્યકત કરી અને અહિ માત્ર નાણાંથી જ કામ થતુ હોવાનો આક્ષેપ કર્યો છે.

● ગાંધીનગર શહેરમાંથી ગેરકાયદે દબાણો હટાવવાની ગતિ ધીમી પડતાં લોકોમાં તે મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

● વિકાસ કમિશનરશ્રી કચેરી દ્વારા હવે સવારે ૮ થી ૧૦ દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કરવાના નિર્ણયે સચિવાલય સંકુલમાં ખાસ કરીને સ્વર્ણીમ સંકુલમાં ભારે ચર્ચા જગાવી છે.

● કેન્દ્ર સરકારે સાતમા પગારપંચ અંગે આજે જાહેરનામુ પ્રસિદ્ધ કરતાં જ રાજ્યના કર્મચારીઓએ રાજ્ય સરકાર દ્વારા શુ કરવામાં આવશે તેને લઈ ચર્ચાઓ શરૂ કરી છે, જો કે હજુ રાજ્ય સરકારે આ મુદ્દે મૌન રાખ્યુ છે.

● જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલને સાંજે ઉલ્ટી અને ડાયરિયાની તકલીફ થઈ હતી.

## શહેરના ટ્યુશન ક્લાસીસમાં વિદ્યાર્થિની બાબતે માથાકુટ

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ વિસ્તારના સ્થિત એક ટ્યુશન ક્લાસીસમાં ગઈ મોડી સાંજે ધમાલ થવા પામી હતી. આઠ થી દસ યુવાનોના ટોળાએ ક્લાસીસમાં આવીને ધોલધપાટ કરી દેતા મામલો ઉગ્ર બન્યો હતો અને ક્લાસીસના સાહેબે પોલીસ બોલાવી દીધી હતી. આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો જો કે અંતે આ મામલે પોલીસ ફરીયાદ થવા પામી ન હતી. સમગ્ર મામલો વિદ્યાર્થીનીની મશ્કરી મામલે બિચક્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે.

# એસીડ ગટગટાવી જનાર સે-૨૬ની પરિણીતાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૬માં કિસાનનગર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ એસીડ ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ૨૧ દિવસથી પરિણીતા હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી હતી. આજે તેણીનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું છે. આપઘાતનું કારણ જાણવા તપાસ ચાલી રહી છે. ડીવાયએસપીને આ ઘટનાની તપાસ સોંપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૬, કિસાનનગર મકાન નં. ૧૪૫/૧ ખાતે રહેતી ૩૦ વર્ષીય પરિણીતા પારૂલ સંજયભાઈ ડોડીયાના બે વર્ષ પહેલા લગ્ન થયા હતા. પાંચમી જુલાઈના રોજ સવારે નવેક વાગ્યાના અરસામાં પારૂલ ડોડીયાએ કોઈ અગમ્ય કારણોસર એસીડ પી લીધું હતું. તેણીને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જો કે તબિયત નાજુક જણાતા તાત્કાલીક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. છેલ્લા ૨૧દિવસથી સારવાર હેઠળ રહેલી પારૂલ ડોડીયાનું આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. લગ્નગાળો બે વર્ષનો જ હોવાથી આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડીવાયએસપી વિજય પટેલે તપાસ આરંભી છે. જો કે હજુ સુધી આપઘાતનું કારણ સ્પષ્ટ જાણવા મળ્યું નથી.

## પડોશીના ઘરમાં ઘુસીને દારૂડિયાનો યુવતીની લાજ લુંટવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક આવેલા એક ગામમાં આજે બપોરના અરસામાં વિચિત્ર કિસ્સો બનવા પામ્યો હતો. દારૂ ઢીંચીને ગીરીશ રાઠોડ નામનો શખ્સ પડોશીના ઘરમાં ઘુસી ગયો હતો અને ૨૦ વર્ષની પડોશી યુવતીને બાથમાં ભીડી દઈ આબરૂ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના અંગે યુવતીએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં તે શખ્સ સામે ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૩૫૪, ૪૫૨ અને ૫૦૪ હેઠળ ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.



## સચિવાલયમાંથી ઘાસ કટર મશીન ચોરી જનાર બે પકડાયા

અઠવાડિયા પહેલા સચિવાલય બ્લોક નં. ૧ ઉના પાણીના સંપની બાજુમાં સ્ટોર રૂમનું તાળુ તોડી ઘાસ કટર મશીનની ચોરી થઈ જવા પામી હતી. ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે આજે સે. ૧૦ પાસેથી આ ચોરીના મશીન સાથે રીક્ષામાં જતા બે શખ્સોને પકડી પાડ્યા છે. ઈન્દ્રોડા ગામના રીક્ષા ડ્રાઈવર અશોક નેનાજી ઠાકોર અને જગદીશ લાલાજી ઠાકોર બંનેને પકડીને ઊંડી પુછપરછ કરતાં તે બંનેએ મળીને મશીનની ચોરી કરી હોવાની કબુલાત કરતા બંનેની ધરકપકડ કરી સેકટર-૭ પોલીસને સોંપવામાં આવ્યા છે.



## તપોવન સંશોધન કેન્દ્રમાં મેલેરિયા અંગે વર્કશોપ યોજાયો

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે સગર્ભા બહેનો માટે ચાલતા તપોવન સંશોધન કેન્દ્રમાં તાજેતરમાં જિલ્લા મેલેરિયા અધિકારી શ્રી મમતાબહેન દત્તાણી આવ્યા હતા. તેઓશ્રીએ સગર્ભા બહેનોને મચ્છરની ઉત્પત્તિ, સ્વચ્છતાનું મહત્વ, મેલેરિયા ન થાય માટે રાખવાની કાળજી, દવાવાળી મચ્છરદાનીનું મહત્વ વગેરે જેવા અગત્યના મુદ્દાઓ વિશે સમજણ આપી હતી. જેનો 'તપોવન સંશોધન કેન્દ્ર'માં આવેલી સગર્ભા બહેનોને લાભ મળ્યો હતો.

## એમ.બી. પટેલ વિદ્યાલય વાવોલ ખાતે ડૉ. ભાવેશ પટેલનું પ્રવચન યોજાયું

શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના મેડિકલ ઓફિસર ડૉ. ભાવેશ પટેલે આયોજન બધ્ધ નિત્યક્રમ, પ્રાણાયામ, યોગ, આસનો, ધ્યાન, નિત્યસેવન યોગ્ય ઔષધો, સૂર્ય નમસ્કાર દ્વારા સ્વાસ્થ્ય અને બુધ્ધિ વર્ધનના સરળ ઉપાયો વિશે પ્રવચન આપ્યું હતું.

આ ઉપરાંત ધો-૧૦ અને ધો-૧૨ પછી કયા અભ્યાસક્રમમાં જોડાવું કે જેથી ભવિષ્યમાં સરળતાથી સારી કારકિર્દી બનાવી શકાય આ અંગે પણ તેમણે માહિતી આપી હતી.

## પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારીની કેચરી દ્વારા તાજેતરમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્સૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં પરમાર હર્ષદ પ્રવિણભાઈ પ્રથમ ક્રમે વિજયી થઈને પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ વધાર્યુ. તે બદલ પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ અભિનંદન પાઠવ્યા છે.



આઝાદીના ૭૦ વર્ષે પણ સમગ્ર ભારત વર્ષમાં દલિતોની સંખ્યામાં થયેલા વધારા સાથે દલિતો ઉપર અત્યાચાર અને જુલમ વધી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં ભાજપ શાસન અમાનુષી બની ગયું છે. દલિત સમાજની સાથે સાથે અન્ય સમાજ ઉપર પણ ભાજપનો દમનકારી ભરડો ફરી વળ્યો છે. જેના વિરોધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા તમામ જિલ્લાઓમાં દમન પ્રતિકાર ધરણા યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે સત્યાગ્રહ છાવણી ખાતે દમન પ્રતિકાર ધરણા યોજાયા હતા.

# ગાંધીનગરની બે યુવતિઓએ હિમાલયની ૧૮,૫૦૦ ફૂટની ઊંચાઈ સર કરી

### જી-૩ સાયકલ ક્લબની પિન્કી જહા અને કાવ્યા તિવારીનું અદ્ભૂત સાહસ : હિમાચલ પ્રદેશની સ્પિટીવેલી ખાતેના કનામો શિખર પર એક સપ્તાહ સુધી અત્યંત સાહસિક પર્વતારોહણ કર્યું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની જી-૩ સાયકલ ક્લબની બે સાહસિક યુવતિઓ પિન્કી જહા અને કાવ્યા તિવારી હિમાલયના કનામો શિખરની ૧૮,૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી સાહસપૂર્ણ પર્વતારોહણ કરીને પરત ફરી છે.





અત્યંત કઠિન અને અપાર મુશ્કેલીઓ સાથે અડગ આત્મ વિશ્વાસ દર્શાવી આ બંને યુવતિઓએ શહેરની મહિલાઓનું મસ્તક ગર્વથી ઉન્નત કર્યું છે. હિમાચલ પ્રદેશની સ્પિટીવેલી ખાતે આવેલ કનામો પર્વત પર આયોજિત માઉન્ટેઈનીંગ કેમ્પ માટે ગુજરાતના ૭ સાહસિકોની ટીમ ગઈ હતી. જેમાં ચાર મહિલાઓ પૈકી આ બે યુવતિઓ ગાંધીનગરની હતી. લગભગ ૭ દિવસ અને ૬ રાત્રિના કેમ્પ દરમ્યાન તેમણે દરરોજ બે થી અઢી હજાર ફૂટનું પર્વતારોહણ કર્યું હતું.

માઉન્ટ એવરેસ્ટના પર્વતારોહક રાજીવ શર્મા દ્વારા આયોજિત આ પર્વાતારોહણ કેમ્પ માટે તા. ૮મી જુલાઈએ બંને યુવતિઓ સહિતની ટીમ અમદાવાદથી રવાના થઈ હતી. આશરે ૧૩ હજાર ફૂટ ઉપર આવેલ ચંદ્રતાલ લેક ખાતેના બેઝ કેમ્પ પહોંચ્યા બાદ ત્યાંથી તેમના પર્વતારોહણનો પ્રારંભ થયો હતો. દરરોજ તેઓ ૨ થી અઢી હજાર ફૂટનું પર્વતારોહણ કરતા હતા અને દરરોજ તેમાં વધારો કરતા હતા. અત્યંત ઠંડી અને ઓક્સિજનની ઓછી માત્રાવાળા વિષમ વાતાવરણમાં તેઓને અનેકવાર પેટની તકલીફો સહિત તબિયત બગડવાના બનાવોનો સામનો કરવો પડ્યો હતો. ક્યારેક તેજ હવા ચાલુ થઈ જાય, એકાએક ગરમી વધી જાય, શ્વાસ લેવામાં તકલીફ પડે, ભૂખ ના લાગે, ઠંડી વધી જાય આવી મુશ્કેલીઓ પડવા છતાં દઢ મનોબળથી તેમણે આ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. આ કેમ્પ દરમ્યાન તેઓ રાત્રિ રોકાણ નાનકડા તંબુમાં કરતા તથા આયોજકો તરફથી ખાવા-પીવા તેમજ મેડિકલ સહિત તમામ સવલતની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતે આ સાહસપૂર્ણ પર્વતારોહણ પતાવી તેઓ તા. ૨૫મી જુલાઈએ હેમખેમ ગાંધીનગર પરત ફર્યા હતા.

### બે બાળકની માતાએ પર્વતારોહણ માટે આકરી તાલીમ મેળવી

સાહસિક પર્વતારોહણ કરનાર સે. ૮ની પિન્કી જહા બે બાળકોની માતા છે જ્યારે કુડાસણ રહીતી કાવ્યા તિવારી અપરિણીત છે અને ટીસીએસ કંપનીમાં સોફટવેર એન્જિનીયર છે. તેઓ એશિયાના સૌથી ઊંચા ગામો પૈકીના એક કિબ્બલ ગામથી પણ પસાર થયા હતા જ્યાં અત્યંત વિષમ પરિસ્થિતિમાં પણ સારા સ્વભાવ સાથે જીવન ગાળતા ગ્રામજનોને મળ્યા હતા. તેમના સફર દરમ્યાન બે પર્વતારોહકોને તો ઓક્સિજન પણ ચઢાવવો પડ્યો હતો. આ સાહસ માટે તેમણે ૨ માસથી આકરી તાલીમ મેળવી હતી. જેમાં રોજના ૨૦૦ માળ ચઢવાની અને ૧૦-૧૨ કિમી દોડવાની તાલીમ લીધી હતી. ગાંધીનગરમાં આ પ્રેક્ટીસ તેમણે સે. ૧૧ના બહુમાળી બિલ્ડીંગમાં વારંવાર ઉપર નીચે ચઢઉતર કરી ચાલુ રાખી હતી. બંને યુવતિઓએ ગાંધીનગરની મહિલાઓને જીવનમાં એકવાર પર્વતારોહણનું સાહસ કરવા અનુરોધ કર્યો છે.




પર્વતારોહણના સાહસ અંગે વાત કરતા પિન્કી જહાએ જણાવ્યું હતું કે ‘‘આ એક અદ્ભૂત અનુભવ હતો. અનેકવાર એમ થયુ કે વચ્ચેથી છોડી દઈએ, શા માટે અમે અમારી જાતને આટલી તકલીફ આપીએ છીએ, પરંતુ જેમ જેમ શીખર સર કરતા ગયા તેમ તેમ અમારો આત્મવિશ્વાસ વધતો ગયો. હિમાલયને અત્યાર સુધી ટીવી, ફિલ્મો અને અખબારો કે પુસ્તકોમાં જ જોયો હતો. પરંતુ પહેલીવાર આ પહાડોને નજીકથી જોતા તેના અનેરા સૌંદર્ય સાથે અપ્રિતમ શાંતિનો અનુભવ થયો હતો. અહીં અમને અમારી જાતની ઓળખ મળી છે અને હવે અમે દર વર્ષે એકવાર પર્વતારોહણ અચૂક કરવાનો નિશ્ચય કર્યો છે.’. ટીસીએસ કંપનીમાં કાર્યરત કાવ્યા તિવારીએ જણાવ્યું હતું કે ‘‘આ કાર્ય દૂરથી જેટલુ સુંદર દેખાય તેટલુ જ અઘરૂ છે. અહીં ૧૦ મીટર સુધી ચાલવામાં પણ મુશ્કેલી પડે છે. ઓક્સિજનની અછતના કારણે શ્વાસ ચઢી જાય, એક એક પગલુ ભરવામાં જાણે પગ હાથેથી ઉપાડીને મુકવો પડે તે સ્થિતિ હતી. જો કે આ સાહસ કર્યા બાદ મને અવર્ણનીય સંતોષ મળ્યો છે અને મને કશુંક મેળવ્યાનો સંતોષ પ્રાપ્ત થયો છે.